દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૧૫ જુલાઈ, ૨૦૨૬

યુદ્ધો, સંઘર્ષો, કુદરતી આફતો: ૨૦૨૬નું વર્ષ વિશ્વ માટે બહુ કઠણ પુરવાર થઈ રહ્યું છે

ચાલુ વર્ષ, એટલે કે ૨૦૨૬નું વર્ષ અડધું પૂરું થઇ ગયું છે. લગભગ શરૂઆતથી જ આ વર્ષ દુનિયા માટે કઠણ રહ્યું છે. ફેબ્રુઆરીની ૨૮ તારીખે અમેરિકા-ઇઝરાયેલે ઇરાન પર હુમલો કર્યો તે પછી તો જાણે આખા વિશ્વની કમબખ્તી બેઠી. આમ તો ચાર વર્ષથી રશિયા-યુક્રેન યુદ્ધ ચાલુ જ હતું, તેની પણ વૈશ્વિક અસરો હતી, પરંતુ તે પ્રમાણમાં મર્યાદિત હતી. પરંતુ અમેરિકાના હુમલા પછી ઇરાને હોર્મુઝની સામુદ્રધૂનિનો માર્ગ બંધ કરી દીધો તેની વ્યાપક અસરો વિશ્વના દેશો પર થઇ. દુનિયા માટે, ખાસ કરીને ખનિજ તેલ અને ગેસના પરિવહન માટે આ જળમાર્ગ ખૂબ મહત્ત્વનો છે અને તે બંધ થતાં દુનિયાભરનાં અર્થતંત્રો પર તેના મોટા આંચકા લાગ્યા. અધૂરામાં પૂરું, આ વર્ષ પેસેફિક સમુદ્રમાં અલ-નીનોનું પરિબળ સર્જાવાની આગાહી થઇ, જે કુદરતી પરિબળને કારણે ભારત સહિત વિશ્વના અનેક દેશો પર એક યા બીજી રીતે અસર થાય છે. તેની અસરો દેખાવા પણ માંડી છે. બીજી બાજુ, યુરોપમાં આ વખતે વિક્રમસર્જક કહી શકાય તેવી ગરમી પડી છે અને સેંકડો લોકોનાં મોત થયાં છે. રશિયા-યુક્રેન યુદ્ધ તો ચાલુ જ છે અને તેમાં પણ જાનહાનિઓ થઇ રહી છે.

પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવને કારણે એલપીજી અને ખાદ્ય તેલના વધતા ભાવો તેમજ અર્થતંત્રનાં અન્ય ક્ષેત્રો, ખાસ કરીને રસાયણો અને પેટ્રોકેમિકલ્સ પર તેની અસર, તાજેતરના ભૌગોલિક-રાજકીય તણાવની આડઅસર રહી છે. શેરી વિક્રેતાઓ, ફેરિયાઓ, રેસ્ટોરન્ટ અને હોટેલ માલિકો અને સામાન્ય પરિવારો એલપીજીના ઊંચા ભાવોનો ભોગ બની રહ્યાં છે, જેમાં નાના વ્યવસાયોને સૌથી વધુ અસર થઇ રહી છે. એવા અહેવાલો છે કે ઊંચી માંગને કારણે લાંબા ગાળે પામ ઓઇલની સપ્લાય ચેઇન ગંભીર રીતે ખોરવાઇ શકે છે, જે મુખ્યત્વે તેના પર નિર્ભર વિકાસશીલ દેશોને અસર કરશે. ક્રુડ અને ઓઇલ સિવાય વિશ્વની સૌથી વધુ વેપાર થતી સોફ્ટ કોમોડિટીઝ, ઉદાહરણ તરીકે કોફી, અલ નીનો દ્વારા પ્રભાવિત થઇ છે. વર્ષ 2024-2025માં ગરમી અને દુષ્કાળ જેવી પરિસ્થિતિઓએ બ્રાઝિલમાં કોફીના ઉત્પાદનને અસર કરી હતી, જે સંજોગોવશાત્ 2025માં બેલેમમાં COP 30ની યજમાની કરનારો દેશ પણ છે, પરંતુ આ વર્ષે દેશમાં કોફીનું રેકોર્ડ ઉત્પાદન થયું છે. ભારત જેવા દેશો વધુ ગરમ પરિસ્થિતિઓનો અનુભવ કરે છે, ત્યારે પેરુના દરિયાકાંઠે અલ નીનોની તીવ્રતાના આધારે ઉત્તરીય ગોળાર્ધના ભાગોમાં, પશ્ચિમ એશિયા ઉપરાંત, વધુ વરસાદ જોવા મળી શકે છે. ભારત માટે એવી આગાહી કરવામાં આવી રહી છે કે 2015માં જોવા મળેલી પરિસ્થિતિઓ જેવી જ સ્થિતિ ફરી ઊભી થઇ શકે છે.

ચાલુ વૈશ્વિક આબોહવા અને સંઘર્ષની કટોકટી ઉપરાંત, વૈશ્વિક અર્થતંત્રના ઘણા ભાગોમાં એક તરફ 'સ્ટેગફ્લેશન' (આર્થિક મંદી સાથે ફુગાવો)નું દબાણ અને બીજી તરફ રોજબરોજની 'શ્રિંકફ્લેશન' (કિંમત સમાન રાખીને જથ્થો ઘટાડવો) જોવા મળી રહી હોવાના અહેવાલ છે. 'સ્ટેગફ્લેશન' એટલે ધીમો આર્થિક વિકાસ, ઊંચો ફુગાવો અને રોજગારીની ઓછી તકોનો ગાળો. થોડાં અઠવાડિયાં પહેલાં, જ્યારે બ્રેન્ટ ક્રુડ પ્રતિ બેરલ 95-100 અમેરિકી ડોલરની આસપાસ હતું, ત્યારે યુનાઇટેડ સ્ટેટ્સમાં ગેસોલિનની રાષ્ટ્રીય સરેરાશ કિંમત પણ પ્રતિ ગેલન 4.25 અમેરિકી ડોલરની આસપાસ હતી. આ સ્થિતિ વધતી સ્ટેગફ્લેશનની ચિંતાઓ વચ્ચે જોવા મળી હતી, કારણ કે ફુગાવાનું દબાણ યથાવત્ રહ્યું હતું અને નોકરીઓનો વિકાસ ધીમો રહ્યો હતો. આ ઘટનાઓની વ્યાપક અસરો કલ્પના કરતાં વધુ લાંબો સમય રહી શકે છે, જેના વિકાસશીલ દેશો માટે ગંભીર પરિણામો આવી શકે છે. ઉદાહરણ તરીકે, આ વર્ષે એપ્રિલમાં ભારતનો બેરોજગારી દર 5.2 ટકા નોંધાયો હતો અને અમેરિકામાં તે 4.3 ટકા હતો. તાજેતરમાં, વોલમાર્ટ, કે જે અમેરિકાની સૌથી મોટી ખાનગી કંપની છે તેણે મજબૂત ઇન્ડસ્ટ્રી-AI (આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ) પુશ વચ્ચે 1,000 કામદારોની છટણી કરી છે. નિષ્ણાતો અત્યારથી જ આ પરિસ્થિતિને તે જ દાયકાની ઓઇલ કટોકટી પછીની 1970ના દાયકા જેવી હળવી સ્ટેગફ્લેશન ઘટના સાથે સરખાવી રહ્યા છે. લોકોની રોજિંદી ખરીદશક્તિને અસર કરતાં આ મેક્રો મુદ્દાઓ ઉપરાંત, 'શ્રિંકફ્લેશન' એક એવી વ્યૂહરચના હોય તેમ લાગે છે જેનો FMCG કંપનીઓએ કોવિડ-19 મહામારી પછી ઝડપથી ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. સોશ્યલ મીડિયા ચેનલો યુએસના પ્રભાવકો (ઇન્ફ્લુએન્સર્સ) ના વીડિયોથી ભરેલી છે, જેમાં તેઓ ચર્ચા કરે છે કે કેવી રીતે કરિયાણાના ભાવ અને ખાદ્ય ફુગાવો તેમના રોજિંદા ખર્ચને પહેલાં કરતાં ઓછી માત્રા સાથે અસર કરી રહ્યા છે. દેખીતી રીતે આમાં ગરીબ અને મધ્યમ વર્ગીય કુટુંબોએ પણ વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે અને તેમના પર આર્થિક ભારણ વધ્યું છે. આ ઉપરાંત પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગજન્ય તીવ્ર હવામાનની ઘટનાઓ તથા વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રકારના સ્થાનિક સંઘર્ષો, ત્રાસવાદ જેવી સમસ્યાઓ તો છે જ. વેનેઝુએલામાં હાલ કેટલાક સમય પહેલાં આવી ગયેલો ભૂકંપ જેવી દુઃખદ ઘટનાઓએ આ વર્ષમાં કરુણ સ્થિતિઓ સર્જી છે. જો બંને મોટાં યુદ્ધો તાત્કાલિક અટકી જાય તો પણ તેમની, ખાસ કરીને અખાતી યુદ્ધની અસર મહિનાઓ સુધી રહી શકે છે, તેથી એવું લાગે છે વર્તમાન કેલેન્ડર વર્ષ વિશ્વ માટે એક દુઃખદ વર્ષ તરીકે પૂરું થશે.

વૃદ્ધાશ્રમનાં સામાજીક સ્વીકાર પછી તિર્થસ્થાનોમાં સંથારાભવનનું નિર્માણ અનિવાર્ય બને છે

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

સદનસીબે ભારતમાં આઝાદી પછી જન્મેલા અને કોવિડ મહામારીમાંથી હેમખેમ પાર ઉતરેલા સિનિયર સિટિઝન્સ સમજી રહ્યા છે કે જીવન કમાણી માટે નહીં, પરંતુ અનુભવજન્ય આનંદ માટે છે

ભારતના અધ્યાત્મ-નક્ષત્રનું તેજોમય વ્યક્તિત્વ ગુરુ ગોરખનાથે આજથી લગભગ ૯૫૦ વર્ષ પહેલાં ગાયું હતું - 'મરો વૈ જોગી મરો, મરણ હે મીઠા; તિસ મરણ મરો જિસ મરણી ગોરખ મરી દીઠા.'

કુરુક્ષેત્રની ભૂમિ પર કર્તવ્યથી હારીને વિષાદમાં ગાંડીવ મૂકી દેનારા અર્જુનને ભગવાન કૃષ્ણ કહે છે, 'હે અર્જુન, જેમના પ્રાણ ગયા છે તેમના માટે કે જેમના પ્રાણ ગયા નથી (તે શરીર માટે) જ્ઞાનીજન શોક કરતા નથી.' (ગીતા ૨.૧૧)

યોગેશ્વર કહે છે, 'અવિનાશીનો વિનાશ કરવા કોઈ સમર્થ નથી.' (૨.૧૭) 'આત્મા નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરનો નાશ થવા છતાં આત્માનો નાશ થતો નથી.' (૨.૨૦)

'જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો (પુનઃ) જન્મ પણ નિશ્ચિત છે.' (૨.૨૭)

આમ છતાં મોહવશ વૃદ્ધ શરીર જૂનાં વસ્ત્રો છોડવા રાજી હોતું નથી. પ્રગટ સંસારને હોશે-હોશે અને સમજદારીથી ત્યજી દેવામાં માણસ સહજ બની શકતો નથી. તેથી જ કબીર સાહેબ દોહરાવે છે, 'ભલા હુઆ મેરી મટકી ફૂટી રે, મેં પનિયા ભરન સે છૂટી રે.'

પ્રત્યેક ઉચ્છ્વાસે એક પળ નજીક આવતા મૃત્યુ વિષે ઋષિ જાબાલ શિષ્યોને કહે છે, 'મનુષ્ય અવતાર પુણ્યનું પ્રાગટ્ય છે તો દેહનો વિલય ઉત્સવ છે.' જાબાલ ઉપનિષદનું દર્શન કહે છે કે અહંકાર, આસક્તિ અને મોહના ત્યાગથી વ્યક્તિ મૃત્યુના ભયથી ઉપર ચડીને અભયને પામે છે. (૧.૭)

જીવનને સમગ્રતાથી સમજતા ભારતીય મનોદર્શનમાં શિરોમણિ ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે, 'અવિદ્યયા મૃત્યું તીર્ત્વા, વિદ્યયા અમૃતમશ્નુતે.' અર્થાત્ અવિદ્યા (ભૌતિક જીવન) દ્વારા મૃત્યુ સુધી પહોંચી શકાય છે, પરંતુ વિદ્યા (જ્ઞાન)ની સાધના અમૃતપ્રાપ્તિનું કારણ બને છે.

વધુ પૈસાથી જ અમીરી વધે છે તે સમીકરણને ૮૦-૮૫ વર્ષની ઉંમરે જોયા પછી લેખક કહે છે, 'દોઢ-બે મીટર જમીનમાં ખાલી હાથે દટાઈ જનાર કે બળી જનાર માટે સમૃદ્ધ સ્મરણોનો ખજાનો જ સાચી અમીરી છે.'

બિલ જણાવે છે કે વ્યક્તિની ઉંમર ૫૦ને આંબી જાય તે પછીનો સમય આનંદની ક્ષમતા વધારવા માટે છે. જોકે શહેરી મનોભાવ 'આજે કમાણી, કાલે જીવન' તરફી રહ્યો છે. તેને પડકારતા લેખક ૨,૭૦૦ વૃદ્ધોના અંતિમ અનુભવોના આધારે 'મહાન પશ્ચાતાપ' પ્રકરણમાં નોંધે છે કે, 'પોતાની મહેનત અને બુદ્ધિમત્તાની સ્વકમાણીનો મોટો હિસ્સો પૃથ્વી પર છોડી દેવાનું દુઃખ વડીલો માટે અસહ્ય બની રહે છે.'

૬૦થી ૭૫ વર્ષની વયજૂથના આધુનિક બૌદ્ધિક વયસ્કો સાચી દિશામાં પ્રયાણનો સંતોષ લઈ રહ્યા છે. નાનો પરિવાર, શિક્ષિત પરિવાર તથા આર્થિક રીતે સ્વાવલંબી પરિવાર વૃદ્ધાવસ્થામાં રાહતરૂપ બને છે. ૫૦ વર્ષ પહેલાં કરેલું કર્તવ્ય વૃદ્ધોને આનંદફળ આપે છે અને ૮૦મા વર્ષે શૂન્ય પશ્ચાતાપનો ગેટપાસ લઈને મૃત્યુના પ્રવેશને ઉત્સવ તરીકે સ્વીકારવા તૈયાર થઈ જાય છે.

'પચાસે પાડું (મહેનત), સાઠે સાડું (વિરામ), સિત્તેરે શીખ (પરિપક્વતા) અને પંચોતેરે માંડું (શાંતિ)'ને ચરિતાર્થ કરતી પૌરાણિક સંસ્કૃતિ વડીલો અપનાવશે નહીં તો ગામના ચોરે કે દવાખાનાના ખાટલે બેસીને ગાવું પડશે - 'રે ઘડપણ કોણે મોકલ્યું, દોહલ્યું હવે લાકડિયે કાં ખાસીએ?'

જોકે મેડિકલ ઇન્સ્યોરન્સ, કમ્યુનિટી લિવિંગ અને વૃદ્ધાવસ્થાની કાળજી લેતા કરુણાલયોના સામાજિક સ્વીકારથી નવી પેઢીને જીવનભર પૈસા પાછળ દોડવામાંથી રાહત મળી રહી છે. ત્યારે આ બદલાવમાં હવે ઈચ્છામૃત્યુની વ્યવસ્થાને સાકાર કરવી હિતાવહ બનશે.

વર્ષ ૨૦૧૮માં પેસિવ યુથેનેશિયાની ચર્ચા સુપ્રીમ કોર્ટમાં પહોંચી. ત્યારબાદ પીડામાંથી જીવનમુક્તિની માનવીય સંવેદનાને વર્ષ ૨૦૨૩માં વધુ સરળ પ્રક્રિયા તરીકે સ્થાપિત કરવામાં આવી છે. પ્રત્યેક અંત એક નવી શરૂઆત હોવા છતાં લાઇફ સપોર્ટ વિના સ્વસ્થ મૃત્યુ (યુથેનેશિયા)ને આજે પણ કાયદાકીય માન્યતા મળતી નથી.

હિંદુ સંસ્કૃતિના ૧૬ સંસ્કારોમાં અંત્યેષ્ટિ પણ એક સંસ્કાર છે અને ગરુડ પુરાણ વિદાય લેનારના પથદર્શક તરીકે માનવામાં આવે છે. છતાં ભારતવર્ષમાં સ્વૈચ્છિક મૃત્યુનો સ્વીકાર ન થતાં સાવચેતીરૂપે માત્ર ગુજરાતમાં જ ૬૦ વર્ષથી વધુ ઉંમરના અંદાજે ૭૫ લાખ વડીલોએ રૂ. ૧૦૫ લાખ કરોડ જેટલી રકમ પોસ્ટ, બેંક, મ્યુચ્યુઅલ ફંડ વગેરેમાં ભવિષ્યની સુરક્ષા તરીકે મૂકી રાખી છે.

રિઝર્વ બેંકમાં દર વર્ષે અંદાજે રૂ. ૬૭ હજાર કરોડ અનક્લેમ્ડ ફંડ તરીકે જમા થાય છે. ત્યારે વ્યવહારુ અભિગમથી ૮૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોને શાંતિભર્યા, બિનખર્ચાળ મૃત્યુની ખાતરી અપાય તો તે અર્થતંત્ર માટે જ નહીં, સમગ્ર સામાજિક વ્યવસ્થા માટે પણ હિતાવહ બની શકે.

મૃત્યુને ઉત્સવ તરીકે જીવતા રજનીશજી જણાવે છે, 'સંસારનો અર્થ અન્યની ઉપસ્થિતિ છે અને વાસનાભરેલું મૃત્યુ આત્મઊર્જાને આસક્તિ સાથે પુનર્જન્મ તરફ ધકેલે છે.'

સર્જક અને સર્જન એકમેકમાં સમાયેલા હોવાથી જીવતા જીવ મૃત્યુનો પથ આયોજિત કરીશું તો જ અંતિમ ક્ષણ દર્દમુક્ત, ભયમુક્ત અને આનંદિત બની મોક્ષ, નિર્વાણ, લિબરેશન કે નજાત પ્રાપ્ત થઈ શકશે. માનવીય ઊર્જા અંતકાળે સહસ્ત્રચક્રના દાયરામાંથી અનંતમાં સમાવિષ્ટ થશે.

ધુમાડો થઈને બળવા કરતાં, ભડકો થઈ રાખ થવા કરતાં, ખર્ચના ખાડામાં ઊતરી ખતમ થવા કરતાં પાછળ રહી જનારને ભર્યુંભાણું પીરસતા જવામાં શાણપણ છે. કુટુંબના સભ્યોની સેવાનો ત્રાસ વેઠી જવા કરતાં સ્વૈચ્છિક મૃત્યુમાં સમજદારી છે - તે સ્વીકારવાનો સમય આવી ગયો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

બધાનું સાંભળવું જરૂરી નથી

એક જંગલમાં એક હાથી તળાવમાં પાણી પીવા ગયો. પાણી પીધા પછી તેણે પોતાની સૂંઢમાં પાણી ભરીને ફુવારા ઉડાડવા શરૂ કર્યા અને આનંદથી મસ્તી કરવા લાગ્યો. આ જોઈને તળાવમાં રહેતો એક દેડકો ગુસ્સે થઈ ગયો. તેણે હાથીને ગુસ્સામાં કહ્યું, આમ પાણી ઉડાડવાનું બંધ કર, નહીં તો તને દેખાડી દઈશ!

હાથીના કાન પર જું પણ ન રેંગી. દેડકાને વધુ ગુસ્સો આવ્યો. તેણે ફરી કહ્યું, ચાલ્યો જા અહીંથી, નહીં તો તારી ખેર નથી!

પરંતુ હાથીએ તેની વાત પર જરાય ધ્યાન આપ્યું નહીં. દેડકાએ બીજા દેડકાઓને ભેગા કરીને કહ્યું, આ હાથીને પોતાના ભારેખમ શરીરનું અભિમાન છે. આપણે તેનાથી ડરવાની જરૂર નથી. આપણે બધા ભેગા થઈને તેને ભગાડી દેશું.' બધા દેડકાઓ હાથીને ડરાવવા માટે બૂમો પાડવા લાગ્યા અને ધમકીઓ આપવા લાગ્યા. પરંતુ હાથી તો પોતાની મસ્તીમાં જ હતો. તે કોઈને પરેશાન કરી રહ્યો ન હતો; માત્ર પાણી પીધા પછી પાણીમાં રમતો અને આનંદ માણતો હતો. દેડકાએ ફરી કહ્યું, હાથી, હવે તને છેલ્લી ચેતવણી છે. તું અહીંથી ચાલ્યો જા!

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

પણ હાથીએ કંઈ સાંભળ્યું જ નહીં. દેડકાઓ સતત બોલતા રહ્યા, ધમકીઓ આપતા રહ્યા, પરંતુ હાથીએ તેમની વાતને જરાય કાને ધરી નહીં. જ્યારે તે પાણીમાં મસ્તી કરીને ઘરાઈ ગયો, ત્યારે દેડકાઓની વાતની કોઈ પરવા કર્યા વગર શાંતિથી આગળ વધી ગયો. આ નાનકડી બાળવાર્તા આપણને એક સુંદર સમજ આપે છે.

જીવનમાં આપણે કંઈપણ કરીએ, કોઈ ને કોઈ તો વાંધો ઉઠાવશે જ અને કંઈક ને કંઈક વાંકું બોલશે જ. પરંતુ આપણે તેની પર ધ્યાન આપવાની જરૂર નથી. જો આપણું મન સાક્ષી હોય, આપણે જે કરીએ તેમાં આનંદ મળતો હોય અને આપણા કારણે કોઈનું નુકસાન થતું ન હોય, તો લોકો શું કહેશે તે વિચારીને અટકી જવું જોઈએ નહીં.

લોકો તો કંઈક ને કંઈક કહેવાના જ. જેટલા લોકો તમારી પ્રશંસા કરશે, તેનાથી અનેકગણા વધુ લોકો ટીકા પણ કરશે. ઘણી વખત લોકો એકસાથે મળીને પણ તમારા વાંક કાઢશે. પરંતુ જ્યાં સુધી તમે તમારી વાતમાં સાચા છો, તમારા વિચાર, વાણી અને વર્તનથી તમને આનંદ મળે છે અને કોઈનું અહિત થતું નથી, ત્યાં સુધી કોઈની વાતોથી ડરવાની કે પ્રભાવિત થવાની જરૂર નથી. બધાની વાતોને અવગણીને, પોતાના જીવનને આનંદ, મોજ અને મસ્તીથી જીવો..

શરદ પવારનો રાજકીય કોયડો: કોંગ્રેસમાં વિલય કે એનડીએ સાથે હાથ મિલાવશે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

મહારાષ્ટ્રનું રાજકારણ: પક્ષનું અસ્તિત્વ બચાવવા શરદ પવારના સંભવિત માર્ગો અને રાજકીય ગણિત

મંત્રાલયના ચેમ્બરમાં મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે અને શરદ પવાર વચ્ચે થયેલી પાંચ મિનિટની મુલાકાતે રાજ્યના રાજકારણમાં પવારના આગામી કદમ અંગે અટકળો તેજ કરી દીધી છે. શિવસેના (યુબીટી) અને કોંગ્રેસના નેતાઓ, જેઓ પવારની એનસીપી સાથે ગઠબંધનમાં છે, તેઓ ચિંતિત છે. એવી અટકળો ચાલી રહી છે કે, પવાર એનડીએમાં સામેલ થઈ શકે છે.

જોકે, પવાર પોતાના નબળા પડેલા પક્ષ અને પુત્રી સુપ્રિયા સુલેના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે ત્રણ સંભવિત રાજકીય માર્ગો શોધી રહ્યા છે.

એક વિકલ્પ કોંગ્રેસ સાથે વિલય કરવાનો છે. બીજો વિકલ્પ ભાજપની આગેવાની હેઠળના એનડીએ સાથે સમજૂતી કરવાનો છે. ત્રીજી શક્યતા એનસીપીના બંને જૂથોનું ફરીથી એક થવું તે છે.

એવું કહેવાય છે કે, જો સુપ્રિયા સુલે અને તેમના વફાદારોને મહત્ત્વના હોદ્દા આપવામાં આવે તો પવાર એનસીપી (એસપી)ને કોંગ્રેસમાં ભેળવી દેવા તૈયાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ તરીકે પોતાના જૂથના નેતાની નિમણૂકની માંગ કરી છે. તેમણે સુપ્રિયા સુલેને વાઇસ-પ્રેસિડેન્ટ બનાવવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે અને કોંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબ્લ્યુસી)માં યોગ્ય પ્રતિનિધિત્વ માંગ્યું છે.

આવા વિલયથી એક સ્વતંત્ર પક્ષ તરીકે એનસીપી (એસપી) નું અસ્તિત્વ સમાપ્ત થઈ જશે. આનાથી પવાર ફરીથી કોંગ્રેસ સાથે જોડાઈ જશે, જેને તેમણે ૧૯૯૯માં સોનિયા ગાંધીના વિદેશી મૂળના મુદ્દે છોડી દીધી હતી.

કોંગ્રેસ આ પ્રસ્તાવ પર વિચાર કરી રહી હોવાના અહેવાલ છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસના જનરલ સેક્રેટરી કે. સી. વેણુગોપાલે આ બાબતે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓનો અભિપ્રાય માંગ્યો છે. જોકે, તેમણે ધ્યાન દોર્યું છે કે પવાર જૂથનો પક્ષમાં સમાવેશ વધુ સમસ્યાઓ ઊભી કરી શકે છે.

જો પવાર પોતાના પક્ષને કોંગ્રેસમાં ભેળવી દેશે તો તેમના નેતાઓ સંગઠનાત્મક નિર્ણયો પર પ્રભુત્વ મેળવી શકે છે. તેમણે હાઈકમાન્ડને આ પ્રસ્તાવ પર કાળજીપૂર્વક વિચાર કરવા વિનંતી કરી છે.

દરમિયાન એનસીપી (એસપી) ના નેતાઓ અને ભાજપ વચ્ચેના સંપર્કોએ સંભવિત એનડીએ જોડાણ વિશેની અટકળોને હવા આપી છે. મુંબઈની એક ફાઈવ સ્ટાર હોટલમાં જયંત પાટીલ અને ભાજપના નેતા વિનોદ તાવડે વચ્ચેની તાજેતરની મુલાકાતે આ ચર્ચામાં ઉમેરો કર્યો છે.

એવું માનવામાં આવે છે કે, જો આ ગઠબંધન થાય તો પવારે સુપ્રિયા સુલે માટે કેન્દ્રીય મંત્રી પદ અને મહારાષ્ટ્રમાં બે મંત્રાલયોની માંગણી કરી છે. ભાજપના વરિષ્ઠ નેતાઓએ અવારનવાર પવારને મહારાષ્ટ્રના 'સૌથી કદાવર, વરિષ્ઠ અને આદરણીય નેતા' તરીકે ગણાવ્યા છે. તેઓ કહે છે કે જો પવાર એનડીએમાં જોડાવાનો નિર્ણય કરે છે તો તેમનું સ્વાગત છે. તેમની વહીવટી ક્ષમતા અને રાજકારણ પરની પકડ બેજોડ છે. ઘણા રાજકારણીઓ સલાહ માટે તેમની પાસે જાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જયંત પાટીલે એનડીએમાં જોડાવા અંગેની ચર્ચાના અહેવાલોને ફગાવી દીધા છે. તેમણે કહ્યું કે રાજકીય નેતાઓ નિયમિતપણે પક્ષની રેખાઓથી પર રહીને એકબીજાને મળતા હોય છે. સુપ્રિયા સુલેએ કહ્યું, "અમે સરકાર દ્વારા રચાયેલી વિવિધ સમિતિઓનો પણ ભાગ છીએ જ્યાં વિવિધ પક્ષોના સાંસદો સભ્યો હોય છે. અમે આવી બેઠકોમાં હાજરી આપીએ છીએ અને સત્તાધારી તથા વિરોધ પક્ષોના સાંસદોને મળીએ છીએ; તેનો અર્થ એ નથી કે અમે તેમની સાથે જોડાઈ રહ્યા છીએ." એનસીપી (એસપી)ના ધારાસભ્ય રોહિત પવારે પણ ભાજપને સમર્થન આપવાની અટકળોને નકારી કાઢી હતી.

મહા વિકાસ આઘાડીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ તે જ વર્ષના અંતમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિએ મહારાષ્ટ્રની ૨૮૮ બેઠકોમાંથી ૨૩૫ બેઠકો જીતી લીધી. આ પરિણામે ત્રણેય પક્ષો - શરદ પવારની એનસીપી, કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની સેના (યુબીટી) ત્રણેયને ગંભીર રીતે નબળા પાડી દીધા.

એકનાથ શિંદેની શિવસેનાએ કહ્યું છે કે, પવાર લોકોની નાડ જાણે છે અને જો તેઓ મહાયુતિ ગઠબંધનમાં જોડાશે તો આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી, પરંતુ નારાજ ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) આક્રમક મૂડમાં છે. યુબીટી નેતા સંજય રાઉતે કહ્યું, "પવાર શિંદેને બીજે ક્યાંય પણ મળી શક્યા હોત. તેમને તેમની સત્તાવાર ચેમ્બરમાં મળવાની કોઈ જરૂર નહોતી. આવું કરીને શરદ પવાર પોતાની વિશ્વસનીયતા ગુમાવી રહ્યા છે."

એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, તમારા ઘરે કે ઓફિસે આવનાર કોઈપણ વ્યક્તિનું સ્વાગત થવું જોઈએ. શિંદેએ કહ્યું, "આ મહારાષ્ટ્રીયન સંસ્કૃતિનો એક ભાગ છે. પવાર જેવા વરિષ્ઠ નેતા તેમને મળવા આવ્યા હોવાથી તેમણે જે જરૂરી હતું તે કર્યું."

એ વાત સાચી છે કે, પવારની રાજનીતિની શૈલીના કારણે દરેક રાજકીય પક્ષમાં તેમના મિત્રો છે. તેમના મોટા ભાગની જગ્યાઓએ સંબંધો છે. તેથી, તેમના નજીકના સહયોગીઓ કહે છે કે તેઓ ક્યાં જાય છે કે કોને મળે છે તેને મુદ્દો બનાવવો જોઈએ નહીં, પરંતુ જ્યારે એકનાથ શિંદેનું નામ સામે આવે છે ત્યારે ઉદ્ધવ સેનાને સમસ્યા થાય છે.

દરેક વ્યક્તિ એવું માની રહી છે કે, પવાર એનડીએમાં જોડાવા માટે ભાજપ સાથે ડીલ કરી રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે, સુનેત્રા પવારની આગેવાની હેઠળની એનસીપીએ પવાર જૂથને ગઠબંધનમાં સામેલ કરવા સામે વાંધો ઉઠાવ્યો છે. પક્ષના એક ટોચના નેતાએ આ અંગે રાજ્ય અને નવી દિલ્હીમાં ભાજપ નેતૃત્વને જાણ કરી દીધી છે.

પવારના પક્ષનો એક વર્ગ એવું માને છે કે, વાસ્તવમાં તેઓ સમય લઈ રહ્યા છે. તેઓ જોવા માંગે છે કે ઈરાન યુદ્ધ, નીટ પેપર લીક વિવાદ અને રામ મંદિર દાન ચોરીની ઘટનાઓ પછી વડા પ્રધાન મોદી માટે રાજકીય પવન કઈ તરફ ફૂંકાય છે. પવારને નિર્ણય લેવા માટે મજબૂર કરી શકે તેવી એકમાત્ર બાબત બીજેપીનું દબાણ હોઈ શકે છે, જો તેઓ સંસદમાં સીમાંકન બિલ પસાર કરવા માંગતી હોય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ટ્રમ્પ: અમેરિકા ફર્સ્ટ કે પોતે ફર્સ્ટ

હાલ સમાચાર આવ્યા કે ટ્રમ્પની અંગત સંપત્તિ અથવા કહો કે અંગત આર્થિક કારોબારનો મહત્તમ હિસ્સો ક્રિપ્ટો કરન્સી જે વર્ચ્યુઅલ (આભાસી) ચલણ છે સાથે જોડાયેલો છે જે એક રીતે અમેરિકન સહિત દુનિયાના દરેક દેશોના ચલણની કિંમતમાં અસ્થિરતા લાવી શકે છે અને સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો એક પ્રકારનો સટ્ટો છે. જો તમે કે શેરબજાર કે સ્કોટ એક્સચેન્જનું કામકાજ પણ આ જ પ્રકારનું છે, પણ તે આભાસી નથી અને દુનિયાના દરેક દેશમાં કાયદેસર અને ક્યાંક તો સેબી જેવી નિયંત્રણ સાથે ચાલે છે. પોતાની મૂડીવધારો કરવા આપણા પાડોશી દેશનાં જનસમર્થન વિહોણાં સૈન્ય સેનાના વડા ને ત્યાંના લોકશાહીથી નિર્વાચિત (ઓછામાં ઓછી એવો દેખાવ તો જરૂર થયો છે) વડા પ્રધાનને અવગણીને જરૂર કરતાં ઘણું વધારે મહત્ત્વ આપે, એવા ઉદેશ કે મુલ્લા મુનીર ટ્રમ્પના ક્રિપ્ટોના વેપારમાં મદદરૂપ થશે, તો પછી એવું પ્રતીત નથી થતું કે ટ્રમ્પ માટે અમેરિકા પ્રથમ નથી પણ પોતે જ પ્રથમ છે.

સુરત -પિયુષ મહેતા

જીવનમાં બનતી ઘટનાને કેવી રીતે મૂલવીએ તે અગત્યનું

જીવન મળ્યું છે એટલે ઘટના તો બનવાની. પછી તે કુદરતી, અકુદરતી કે આકસ્મિક હોય. જીવનમાં બનતી ઘટનાઓ ઉપરથી જ વ્યક્તિમાં પરિવર્તન આવે છે. જાહેર જીવનમાં રહેલી વ્યકિત સિવાય કેટલાંક વ્યક્તિનો મંત્ર જ ગરીબ, વંચિતો, દલિતોને સહાય કરવાનો,કાયદાકીય સલાહ આપવાનો છે. સોશ્યલ મીડિયામાં જોઈએ છીએ કે કેટલાક અભિનેતા જાહેર રસ્તા ઉપર જીવનનિર્વાહ કરતાં લોકોને મદદ કરવાનું સેવાકીય કાર્ય કરે છે. કુદરતી આપત્તિ સમયે પણ ઘણાં લોકો સેવાકીય પ્રવૃત્તિમાં જોડાય છે. કેટલાક વ્યકિત જુદા જુદા માધ્યમ દ્વારા સમાજ કે રાષ્ટ્રનિર્માણનું કાર્ય કરે છે. લેખન કે વાચન, કાર્ટૂન, દ્વારા સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા વિરુદ્ધ જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે. ત્યારે પહેલાં વ્યકિત નિર્માણ થકી રાષ્ટ્રનું નિર્માણ થશે. જીવનમાં બનતી ઘટનાઓ ઉપરથી જ ફિલ્મો બને છે.માટે કેટલીક ઘટનાઓ વ્યક્તિના જીવનને બદલી નાંખે એવા કિસ્સાઓ પણ નોંધાયા છે.

સુરત -ચન્દ્રકાન્ત રાણા

પુરુષ સશક્તિકરણની આવશ્યકતા

"પુરુષપ્રધાન સમાજ" – આ શબ્દ આપણે એટલી વાર બોલ્યા છીએ કે હવે પુરુષની સમસ્યા વિશે બોલવું પણ જાણે સામાજિક ગુનો બની ગયો છે! સ્ત્રીના આંસુને પીડા કહેવાય અને પુરુષના આંસુને નબળાઈ–આ કેવી સમાનતા? આજે અખબારોમાં પતિ